

## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*આશ્ચર્ય કેવું !? કોરોના કેસ રોજ ઘટ્યા કરે છે,
ઠેર-ઠેર પથારીની સંખ્યા તો વધ્યા જ કરે છે
હસ્યા કરે છે કોરોના તંત્રના વિદુષકો પર -
રાજરમતમાં દર્દીઓ બિચારા મર્યા કરે છે!!
(આંકડાની માયાવી જાળ)*

હાઈકુ

*સોંપી દો હવે -
આરોગ્ય મંત્રાલય -
ન્યાયાલયને...*

*કોર્ટ ઠપકા -
છે પીઠ પર પાણી -
નિંભર તંત્ર!!*

*(આમે તંત્ર કોર્ટની સલાહ-સૂચન-સૂચના-આદેશોથી જ ચાલે છે.)*

### ચિંતન

**અનૃતમપિ દુર્વચનં ચિરં તિષ્ઠસિ ।**

**ઉપરોક્ત શ્લોક ચાણક્યનીતિમાંથી લેવામાં આવેલ છે.**

**નિરાધાર દુર્વચન પણ દીર્ઘકાળ સુધી સ્મરણમાં રહેતાં હોય છે.**

**માણસ જીભ વડે જ ચડે કે પડે છે. જીભમાં મિઠાશ, વિનયયુક્ત આગ્રહ અને સત્ય સાથેની નમ્રતા હોવી જોઈએ.**

**કેટલાંક લોકો ગમે તેના વિશે, ગમે તેવું વાંકુ, ટીકાત્મક બોલ્યા કરતાં હોય છે. કેટલાકનો સ્વભાવ વિના વાંકે કે પૂરતી વાત સાંભળ્યા - સમજ્યા વિના પણ ઉગ્ર અપમાનજનક શબ્દો બોલતા રહે છે, પણ આખી વાત સમજ્યા પછી પસ્તાવા સિવાય બીજું કંઈ જ બચતું નથી.**

**ક્ષમ્ય કરવાનો સ્વભવ હોય તો પણ એ ડંખ કે દુઃખ હૃદય પર ચિરકાળ સુધી પીડા આપ્યા કરે છે. એટલે, આપણને જો પ્રમાણ ન હોય તો સામેની વ્યક્તિને અણગમતી કે અપ્રિય લાગે તેવી હોય તો મન અને વાણી પર અંકુશ રુપી લગામ મુકીને પણ કોઈને કહેવી નહીં.**

### સુવિચાર

- તપસ્વીનું આભૂષણ ક્રોધનો અભાવ છે, ધર્મનું આભૂષણ કપટ રહિતતા સત્યતા છે - **ગૌરવમંત્ર**
- પંથ પૂર્ણ કરો, અર્ધેથી પાછું ફરવું ધ્યેયથી પતન પામવું છે - **ધર્મલોક**
- જયારે તમે માલિક બન્યા ત્યારે ભગવાન અંતર્યામી બન્યા, જયારે તમે દાસ બન્યા ત્યારે ભગવાન તમારા મિત્ર બન્યાં - **એસ. ભટ્ટાચાર્ય**
- સમય તો પ્રાણીઓ પણ વ્યતિત કરે છે. જીવનનો હેતુ સમજાય તો જીવન સાર્થક થાય - **જનકલ્યાણ**
- અધિક સંગનું ફળ છે 'બંધન' - **પોલ જયોર્જ**
- ભગવાનની ઓથમાં રહીને પાપ કરવું એ મોટો અપરાધ છે, એને માફી ન હોય - **મોરારિ બાપુ**
- આજનું ઔષધ : આંબાના કુમળા પાન પાણીમાં, છ કલાક પલાળી રાખી તે પાણી પીવાથી ઝાડા થયા હોય તો રાહત થાય છે **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કારા ડેલી કુદરતી રીતે સુમધુર કંઠ ધરાવતી હતી. એની ઈચ્છા હતી કે તે સ્ટેજ પર સુંદર રીતે પોતાની ગાયકી પ્રસ્તુત કરે છે, પણ તેના દેખાવમાં એના આગળના બહાર દેખાતા દાંત અડચણરુપ હતા. પોતાના આ દેખાવ બાબતે કારા ખૂબ સજાગ હતી. આમ છતાં હિંમત કરીને તેણે સ્ટેજ પર જઈ ગાવાની શરુઆત કરી. કારાએ ગાવાને બદલે કે દર્શકો પર નજર રાખવાને બદલે પોતાની કુરુપતા છુપાવવા પ્રયત્ન કરતી રહી. એક વાર ક્રિસ્મસના દિવસે ચર્ચમાં ક્રિસમસના ગીતો ગાતા ફાધરે તેને જોઈ. એ વખતે ફાધર એની કળાથી પ્રભાવિત થયા અને એને બોલાવીને કહ્યું, 'બેટા, તું જે છુપાવવા માગે છે, તે હું જાણી ગયો છું, તને તારા આ આગળ આવેલા દાંત દેખાડવા પસંદ નથી ખરું ને ?' કારા ડેલીએ ફાધરની આ વાતનો સ્વીકાર કર્યો. ફાધરે તેને સમજાવતાં કહ્યું, 'કુદરતે આપેલા આ ચહેરાથી શરમાઈને તું ગાઈશ તો કયારેક મુક્ત રીતે અને સહજ રીતે ગાઈ શકીશ નહીં અને કયારેય શ્રોતાઓને રીઝવી શકીશ નહીં, સહેજેય ક્ષોભ રાખ્યા વગર નિરાંતે મોં ખુલ્લું રાખીને, દાંતને છુપાવ્યા વિના ગાઈશ તો સફળ થઈશ.' ફાદરની આ સલાહ કારા ડેલી માટે સંજીવની જેમ પુરવાર થઈ. હવે કારાએ માત્ર ગીત પર ધ્યાન કેન્દ્રિત કરી ગાવાનું શરું કર્યું. તેણે નવા ઉત્સાહ અને આનંદથી ગાવાનું શરૂ કર્યું. અને સમય જતાં એ રેડિયો અને ટેલિવિઝનની અગ્રણી કળાકાર બની ગઈ.

# વિશ્વવ્યાપી મહામારી વચ્ચે મધ્યપૂર્વનું મહાયુદ્ધ

**તંત્રીસ્થાનેથી...**

માનવ જાત પેદા થઈ હશે ત્યારથી એનામાં પરસ્પર વિરોધી ભાવનાઓ પણ પ્રગટ થઈ હોવી જોઈએ. માણસમાં કરુણતા સાથે જ ક્રૂરતા પણ ભારોભાર ભરેલી છે. એ પ્રેમ કરી શકે છે અને વેર પણ બાંધી શકે છે. દુનિયા આખી કોરોના સંકટનો સામનો કરી રહી છે ત્યારે ઈઝરાયલ અને આતંકવાદી સંગઠન 'હમાસ' વચ્ચે જીવ સટોસટની લડાઈ શરૂ થઈ ગઈ છે. હજી દુનિયામાં જેને અધિકૃત રાષ્ટ્રની પાકી માન્યતા મળવી બાકી છે એવા પેલેસ્ટાઈન અને ૬૯ વર્ષના આયુષ્યમાં દુનિયાના સૈન્ય સુપર પાવર તરીકેની પ્રતિષ્ઠા પ્રાપ્ત કરનાર યહૂદી રાષ્ટ્ર ઈઝરાયલ વચ્ચે જેરુસાલેમ મુદ્દે ફરી એકવાર તીખા તણખા ઝર્યા છે. 'હમાસ' એ પેલેસ્ટાઈનનું શક્તિશાળી આતંકવાદી સંગઠન છે જેણે આ બિનજરૂરી યુદ્ધવત્ સ્થિતિનો પ્રારંભ કર્યો છે. ઈઝરાયલ પર રોકેટમારો કરીને એણે ઝાઝું નુકશાન તો જાતે જ વહોરી લીધું છે. ઈઝરાયલની સૈન્ય શક્તિનો પૂરો અંદાજ હોવા છતાં હમાસે એને છંછેડ્યું છે. રોકેટમારાથી ઉશ્કેરાયેલ ઈઝરાયેલે મોટા ભાગના મિસાઈલોને તો આકાશમાં જ ખતમ કરી નાખ્યાં છે. જો કે જે જૂજ જાનહાનિ ઈઝરાયલ પક્ષે થઈ છે એમાં ત્યાં કેરટેકર તરીકે સેવારત એક ભારતીય યુવતીનો પણ ભોગ લેવાયો છે, જે બદલ ઈઝરાયલે અત્યંત શોક અને સહાનુભૂતિ દર્શાવી છે. ઈઝરાયેલે વળતા હુમલાઓમાં ગાઝાપટ્ટીને તહસનહસ કરી દીધી છે. વાયુસેના પછી હવે ઈઝરાયલની આર્મી પણ ગાઝા પટ્ટી સામે સજ્જ થઈ છે. મોટા પાયે પાઠ ભણાવવાના ઈઝરાયલના સંકલ્પમાંથી મધ્યપૂર્વમાં મહાયુદ્ધની પરિસ્થિતિ ન સરજાય એટલા માટે યુનાઈટેડ નેશન્સની સિક્યુરિટી કાઉન્સિલના કાયમી સદસ્ય ચીન દ્વારા મીટિંગ બોલાવવાો પ્રસ્તાવ મુકાયો હતો જેનો અમેરિકાએ વિરોધ કરતાં એ બેઠક બોલાવી શકાઈ નથી. અમેરિકા અને ઈઝરાયલના મધુર સંબંધો સુવિદિત છે. બલકે કહી શકાય કે ઈઝરાયલ મૂળે તો અમેરિકાનું જ બગલબચ્ચું રહ્યું છે. અલબત્ત, અમેરિકાના સહકાર સાથે એણે પોતાની તમામ પ્રતિકૂળતાઓ ઓળંગી આશ્ચર્યજનક સિદ્ધિઓ હાંસલ કરી છે. કચ્છ જેવો અને જેવડો સૂકો પણપ્રદેશ હોવા છતાં એણે દુનિયાને પાણીની અછત વચ્ચે પણ શ્રેષ્ઠ કૃષિ ઉત્પાદન કેવી રીતે લઈ શકાય તે શીખવ્યું છે તો વળી જાસૂસી ઉપગ્રહો છોડીને એ અમેરિકાને પણ હંફાવે એવી અંતરિક્ષ તાકાત બની ગયું છે. એણે શસ્ત્ર ઉત્પાદન ક્ષેત્રે દુનિયાના અગ્રણી શસ્ત્ર ઉત્પાદક રાષ્ટ્રોમાં સ્થાન મળ્યું છે. એનો એકેએક નાગરિક નાગરિક બનતાંની સાથે સૈનિક પણ બની જાય છે. આરબ દેશોએ સાથે મળીને ઈઝરાયલ સામે મોરચો માંડ્યો ત્યારે એમને હંફાવતાં ઈઝરાયલને પૂરું અઠવાડિયું પણ નહોતું લાગ્યું. વળી એ સમયે ઈસ્લામિક દેશો વચ્ચે જે મનમેળ હતો તે અત્યારે રહ્યો નથી. સાઉદી અરબ અને તુર્કી ઈસ્લામિક રાષ્ટ્રો તરીકે યહૂદી દેશની વિરુદ્ધ હાકલા પડકારા તો એટલા સારું કરે છે જેથી ભોળા દેશવાસીઓને એમના શાસકો ઈસ્લામના રક્ષકો લાગે. હકીકતમાં ઈસ્લામિક દેશોમાં હવે ઈસ્લામ ખતરામાં હોય તો પણ જાતે શહીદ થઈ જવાની ઉગ્રતા નથી રહી. અમેરિકાએ એમની ચોટલી પોતાના ખિસ્સામાં રાખી છે. અમેરિકા ઈઝરાયલ સાથે અડીખમ છે એટલે દેખાવ ખાતર ઈસ્લામિક દેશો ઊંચાનીચા થાય પણ ઉકાળી કશું નહીં શકે. જાહેરાત કર્યા વગર કે માન્યતા વગર ઈઝરાયલે અણુશક્તિ વિકસાવેલી છે. તુર્કીના વડાપ્રધાને રશિયાના પ્રમુખ નેતાનો સાથ મેળવી ઈઝરાયલને પાઠ ભણાવવા ઉશ્કેર્યા છે પણ રશિયા અમેરિકા વિરુદ્ધ ખુલ્લું યુદ્ધ કરવા ભાગ્યે જ તૈયાર થશે. ઈરાન જરૂર હમાસની મદદે ધાઈ શકે પણ અંતે તો આંતરરાષ્ટ્રીય સમજૂતી અને વર્તમાન મહામારીને જોતાં યુદ્ધની પરિસ્થિતિ સર્જવાનું એને પણ નહીં પોસાય. ભારત કયારેક પેલેસ્ટાઈનનું મહાસમર્થક હતું. અત્યારે ઈઝરાયલ અને ભારત એકમેકનાં પૂરક હોય એવા ઘનિષ્ઠ સંબંધો છે. ચીન, રશિયા, ઈરાન અને તુર્કી ભેગા મળી અમેરિકા પર અલબત્ત, ઈઝરાયલને ઠંડુ પાણવા માટે માનસિક દબાણ જરૂર ઊભું કરશે.

# જનની જોડ સખી નહીં જડે રે લોલ...



**આરપાર**

રાઘવજી માધડ

ગત રવિવારે વહેલી સવારે સેલફોનમાં રીંગ વાગી.નીરવ ને બાળક જેવા ગભરુ વાતાવરણમાં લીસોટો પડ્યો.ભર ઊંઘમાંથી એકદમ જાગી જવાયું...પણ આવા સમયે રીંગ વાગે એટલે હૈયામાં ધ્રાસકો પડે.નક્કી કયાંક,કંઈક અઘટતું બન્યું હશે..પળાર્ધના પા ભાગમાં આવા અમંગળ વિચારો મનમાં વીજળી માફક ઝબકી ગયા.થડકાટ સાથે સેલફોન રિસીવ કર્યો.પુત્રના મિત્રનો ફોન હતો:'અંકલ,અભિષેકને જલદી જગાડો..ને હોસ્પિટલે મોકલો..' આટલી વાતમાં સઘળું સમજાય ગયું.હજુ બે દિવસ પહેલા જ તેમના પિતાએ વિદાય લીધી.માતા કોરોનાના કારણે હોસ્પિટલમાં રહી મોત સામે મુકાબલો કરીને છેવટે હારી ગઈ ! મધર્સ ડેના સપરમા દિવસે એક માતાએ આ ફાની દુનિયામાંથી વિદાઈ લીધી.દીકરાને રંગેચંગે પરણાવવા ને પોંખવાના અધૂરા ઓરતા સાથે અલવિદા કર્યાનું દુઃખ વ્યક્ત કરવા માટે શબ્દોનો પનો પણ ટૂંકો પડે.

જયારે દવાખાને દાખલ કરી હશે ત્યારે કલ્પના પણ નહીં હોય કે મા હવે પાછી નહીં આવે ને પોતે જયારે ઘરે પાછા ફરશે ત્યારે મા કે બાપ બેમાંથી એકપણ કોઈ ઘરમાં નહીં હોય...કયારેક ઘરે આવતા વહેલા-મોડું થાયતો બાપ કહે,સમયસર ઘરે આવો ને મા કહેઃ 'બેટા ! હવે આવું મોડું ન કરતો હો !'

હવે આવું કોણ કહેશે...ને ઘરના ભીંતડા પણ ભેંકાર ભાસશે ! આવા વિદારક વિચારો સાથે, વ્યથિત પણે પથારીમાં પડખા ઘસતો રહ્યો હતો. થયું કે, આ મધર્સ ડે ના દિવસે જ માતાનું જવું ભલે નિમિત હોય પણ વસમું કેટલું લાગે. કોઈના મરણ પ્રસંગે લોકો રડતાં હોય ત્યારે, મૃતકના સ્થાને ગુમાવેલા સ્વજનને યાદ કરી લોકો રડતાં હોય છે. ખરેખર તો મને પણ મારી જનેતાનું જીવતું સ્મરણ હૈયાથી ભીંજવી ગયું.

વતનમાં ગામડે જાઉં છું પણ હવે માથા પર હાથ મૂકી વ્હાલ કરનારું કોઈ રહ્યું નથી.હર્યુભર્યુ ફળિયું ને બહોળો પરિવાર હોવા છતાં કાંઈ રહ્યું નથી...એવું ભારોભાર ઓશિયાળાપણું ડંખવા લાગે.

શિવાજી મહારાજના માતાનું મૃત્યુ થયું... ને શિવાજી કોઈ રીતે રડતા, છાના રહે નહીં.છેવટે કોઈ બુઝર્ગે ઊભા થઈને કહ્યુંઃ 'મહારાજ ! આપ સૌને સમજાવો છો,કહો છો રાજાથી રંક સુધી જન્મ એનું મૃત્યુ નક્કી જ હોય છે.અને આજે આપ રડતા અટકતા નથી !' ત્યારે શિવાજીએ કહ્યું હતું:'આપ સૌ મને મહારાજ જેવું માનવાચક સંબોધન કરો છો.પણ જગતમાં એક એવું પાત્ર હતું કે જે મને શિવલો..શિવલો..કહી બોલાવતું હતું. હવે મને એવા હેતથી તુંકારે કોણ બોલાવશે ! આનો કોઈ પાસે જવાબ નહોતો.

'જનની જોડ સખી નહીં જે રે લોલ...' ગુજરાતી સાહિત્યનું આ કાવ્ય જૂગમાં પણ જૂનું નહીં થાય. કારણ કે દરેક સંબંધ,વ્યક્તિના વિકલ્પો મળી શકે એમ છે પણ જનેતાનો વિકલ્પ જન્મારે પણ જડે નહીં.

આ સુંદરને અદભુત દુનિયાના દર્શન કરાવનાર માતા પ્રેમ, ત્યાગ, તપસ્યા, સમર્પણ, વાત્સલ્ય... સામે સઘળું જ ઓછું, અધૂરું ને વામણું લાગે. તેમનો 'ડે' ઉજવવો તે સૂરજ સામે દીવડો ધરવા જેવું લાગે !

અમેરિકન એક્ટિવિસ્ટ એના જાર્વીસ તેની માતાને બહુ ચાહતી હતી.તેની માતા પણ કાર્યકર હતી. યુદ્ધમાં ઘાયલ સૈનિકોની સેવા કરતી હતી.એનાએ મેરેજ ન કર્યા,બાળકોને જન્મ ન આપ્યો...માતાના મૃત્યુ પછી,માતા પ્રત્યેના અગાધ પ્રેમને પ્રગટ કરવા તેમણે 'મધર્સ ડે'ની શરૂઆત કરીને ધીમે ધીમે પ્રસરવા લાગ્યો. અમેરિકન પ્રેસિડેન્ટ વુડ્રો વિલસને ૯ મે,૧૯૪૨ના રોજ એક કાયદો પસાર કર્યો.દર વરસે મે મહિના ના બીજા રવિવારે મધર્સ ડે ની ઉજવણી કરવામાં આવશે.જે ભારતમાં ફાધર્સ ડે, વેલેન્ટાઈન ડે...જેવા અન્ય ડે માફક પ્રસરી ગયા. ખરેખર તો જેને ભૂલી ગયા હોય તેને યાદ કરી આમ દિવસ ઉજવવાનો હોય.પણ જેને કયારેય ભૂલી જ ન શકીએ તેમને આમ યાદ કરવાનો પ્રશ્ન જ રહેતો હોતો નથી.

મધર્સ ડેના દિવસે નહીં પણ કોઈપણ દિવસે માતાનું આ જગતમાં જવું વસમું જ લાગે. આ આઘાત મનને પજવતો હતો. લખવાનું કાંઈ સૂઝતું નહોતું. વ્હોટ્સએપ ખોલી જોયું તો, આ મધર્સ ડે નિમિતે પાર વગરના સંદેશાઓ અને સ્લોગન હતા. દરેકની માતા પ્રત્યેની સંવેદના વાંચી દિલ ભરાઈ આવ્યું. પણ એક સવાલ તીર માફક તકાયો : આજે ઘરડાઘરમાં જે વૃદ્ધાઓ છે તે કોની જનેતાઓ હશે !?

**છેલ્લે :**

આંસુની કિંમત હોતતો, એકાંતે ભીંજાયેલા માતાના ઓશીકાની કિંમત કરોડોની થાત !

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# પ્રજાને રાજનીતિની નહીં, રાષ્ટ્રનીતિની જરૂર છે



**મોરપીંછના રંગ**

ડો. કનૈયાલાલ ભટ્ટ

સંસારની સૌથી પ્રાચીન સભ્યતા, સંસ્કૃત્તિ અને સંસ્કાર ભરતખંડ ( ભારત દેશ) ના હોવાના અનેક પ્રમાણ પુરાણો અને ઈતિહાસોમાં આલેખિત થયેલા જોવા મળે છે. ભારતખંડ એ રીતે પૃથ્વી ઉપરની સૌથી પવિત્ર અને સૂરક્ષિત ભૂમિ ગણાય છે. અહીં વસતી આર્ય પ્રજાના પણ અનેક ઈતિહાસો મળે છે. પરંતુ વાત આજના ભારતની છે. આજની પ્રજાની માનસિકતાની છે. અહીં વસતા સૌ કોઈ ભારતીયો (હિંદુ મુસ્લિમ, શીખ, ઈસાઈ કે અન્ય તમામ ધર્મોના લોકો) નું મૂળ ડીએનએ એકદમ શુદ્ધ, પવિત્ર અને શૌર્યશીલ હતું પરંતુ અન્ય દેશોના આક્રમણો અને સ્થળાંતરોને કારણે આ ડીએનએમાં વિકાર, સ્વાર્થ, વિશ્વાસઘાત, લાલચ, મોહ, માયા અને વેરઝેર જેવા દૂર્ભાવો પ્રવેશ્યા. જેના થકી માનવીનો વ્યવહાર બદલાતો ગયો. તે આપણે સૌ જાણીએ છીએ.

ભારતમાં સંસારના સૌથી મોટા, જ્ઞાન અને વિજ્ઞાનના ભંડાર એવા ચાર વેદોની રચના થઈ છે, અનેક ઉપનિષદો, સંહિતાઓ, મહાભારત, રામાયણ, ભગવતગીતા જેવા પવિત્ર અને જીવનને નવી દિશા ચિંધતા ગ્રંથોનું નિર્માણ થયું છે. આ બધુ બતાવે છે ભારત વિશ્વથી કેટલો આગળ ચાલતો દેશ હતો. પાંચ દસ હજાર વર્ષો પહેલા લખાયેલા આ વેદો, ઉપનિષદોમાં દુનિયાના અનેક વૈજ્ઞાનિક સંશોધનો, ટેકનોલોજી અને આયૂર્વેદિક ઉપચારોની માહિતી છે. આમ છતાંય ભારતની આજની સ્થિતિ ચિંતનીય બની રહી છે. શા માટે ?

ઈતિહાસ સાક્ષી છે કે ભારતમાં લગભગ એકાદ હજાર વર્ષો સુધી આક્રાંતાઓ, મોગલો અને અન્ય વિદેશી શાસકોનું શાસન રહ્યું છે. અને ત્યાર પછી છેલ્લે બસો વર્ષ અંગ્રેજોનું રાજ રહ્યું. આનું મૂળ કારણ શું ? ભારતખંડમાં પણ અનેક વીર પ્રતાપી રાજાઓ થઈ ગયા છે. અહીંની ધરતી શૌર્યવાન છે. અહીંનું પાણી ઊર્જાવાન છે તો પછી આ ધરતી ઉપર વિદેશી શાસકો કેમ રાજ કરી ગયા ? કારણ અહીંની પ્રજામાં પ્રવેશી ગયેલા સ્વાર્થ, લાલચ, લોભ, મોહ અને વેરઝેરની દૂર્ભાવના. બાકી ભારતને એ વખતે પણ અને આજે પણ દુનિયાની કોઈ તાકાત હરાવી શકે એમ નથી. પરંતુ એ વખતે ત્રીસ કરોડ જેટલી વિશાળ પ્રજા ઉપર રાજ કરવા માટે અંગ્રેજોની સંખ્યા માત્ર દસ હજાર જ હતી. જે અંગ્રેજો વેપાર કરવાની નીતિથી ભારતમાં વિનાશસ્ત્ર પ્રવેશી થોડા જ સમયમાં પોતાનું સામ્રાજ્ય સ્થાપી દે એ અંગ્રેજોની બુદ્ધિમત્તા, સાહસ, શૌર્ય, નીડરતા અને કૂટનીતિને આપણે આજે ય સ્વીકારવી જોઈએ.

ભારતની આજની સ્થિતિને સમજવા માટે અંગ્રેજોની બસો વર્ષની નીતિ સમજવી જરૂરી છે. અંગ્રેજોએ પોતાનું રાજ ભારત ઉપર સ્થાપી દીધા પછી પણ ઈંગ્લેન્ડથી પોતાની આખી ફોજ અહીં નથી લાવ્યા. કેમ કે થોડા જ સમયમાં અંગ્રેજો સમજી ચૂક્યા હતા કે ભારતીયો લાલચી, સ્વાર્થી અને માત્ર પોતાનું હિત જોનાર પ્રજા છે. અહીં રાજ કરવું સહેલું છે. અહીં કોઈ પ્રકારની એકતા નથી. દરેક રાજાઓ, સમાજો, આગેવાનો પોતપોતાના વાડા બાંધીને બેઠા છે. તેથી અંગ્રેજો અહીં સફળ થયા અને પોતાની હકૂમત સ્થાપીને પોતાના લશ્કરમાં ભારતીયોની જ ભરતી કરી દીધી. તેમને ટ્રેનિંગ આપી યોદ્ધા બનાવ્યા અને પછી ભારતીયો વિરુદ્ધ જ લડાવ્યા. તેમને શસ્ત્રો આપ્યા. અન્ય પ્રદેશોના રાજાઓ સામે યુદ્ધો કરાવ્યા અને ધીમે ધીમે આખા દેશમાં પોતાનું અંગ્રેજી સામ્રાજ્ય સ્થાપી દીધું. આ દોઢ સો બસો વર્ષ ભારતની પ્રજા ઉપર ખૂબ જ જૂલમ થયો છે, પરંતુ એ જૂલમ આપનાર ભારતીય જ હતા. મોટાભાગના રજવાડાઓને છળથી હરાવી અંગ્રેજોને હવાલે કરનાર સેનામાં મોટાભાગના ભારતીયો જ હતા. જલિયાઁવાલા બાગ જેવા અનેક હત્યાકાંડોમાં ભારતીય પ્રજાને ગોળીઓથી વિંધનાર પણ ભારતીય અંગ્રેજ સેના હતી. કેમ કે સૌ પોતાના પરિવારોની સૂરક્ષા અને સલામતી ઈચ્છતું હતું. અને આ માટે તેઓ સ્વાર્થ અને લાલચવશ કાંઈપણ કરી છૂટતા હતા. જો કે આ સંદર્ભે કદાચ કોઈ દલીલ કરે કે તેઓ અશિક્ષિત હતા એટલે એટલી સમજણ તેમનામાં નહોતી પણ વતન કે રાષ્ટ્રપ્રેમ માટે કોઈ શિક્ષણની જરૂર નથી. એ ગુણ અને ભાવના જન્મજાત હોવી જોઈએ, સંસ્કારમાં, ડીએનએમાં હોવી જોઈએ. અને આપણા સૌની આ સામાજિક, પારિવારિક વિવિધતા, અલગતા આપણને વર્ષો સુધી ગુલામ બનાવી ગયો.

હવે થોડું વિચારીએ આજના ભારતની સ્થિતિ વિશે. આજે પણ ભારતની પ્રજા એ ભૂલો કરી રહી છે જે ભૂલો બસો ત્રણ સો વર્ષ પહેલા કરી હતી. આજે પણ ભારતમાં શિક્ષણ / ઉચ્ચ શિક્ષણ હોવા છતાંય રાજકીય પક્ષો દ્વારા જ્ઞાતિ-જાતિના ભેદભાવો ઊભા કરી વૉટબેંક્ર બનાવાય છે. ભારતની આજુબાજુના દુશ્મન પડોશી દેશોમાંથી લાખોની સંખ્યામાં મજુરોને, કારીગરોને, બેકારોને ભારત બોલાવી નાગરિકતા આપી દેવામાં આવે છે, આધારકાર્ડ બનાવી દેવાય છે. અને ભવિષ્યમાં કૉમી તોફાનો, હૂલ્લડો કે આંતરવિગ્રહની સ્થિતિ સર્જાય ત્યારે અહીંની પ્રજાનો ભોગ લેવાય છે. આવું કશ્મીરમાં પંડિતોની સાથે બની ચૂક્યું છે. આપણી પ્રજા નિર્વિર્ય બની રહી છે, આપણને માત્ર આપણી જ, અને આપણા પરિવારની જ ચિંતા છે. અને આ માટે આપણે ગમે તેવા દેશવિરોધી કામને અંજામ આપવા તૈયાર થઈ જઈએ છીએ. જો આપણને સંપતિ અને સૂરક્ષા મળતી હોય તો ગમે તેવા દેશવિરોધી પક્ષને કે નેતાની સાથે રહી તેને જીતાડવા પ્રયાસો કરીએ છીએ. અને ભારતની મોટાભાગની પ્રજા જરૂરિયાતવાળી પ્રજા છે. અભાવમાં જીવે છે. સમસ્યાઓમાં જીવે છે. તેથી તેઓ પહેલા પોતાનો જ લાભ જોશે.

મિત્રો, બહું દુઃખની સાથે કહેવું પડે છે કે આપણે છીએ તો સૌ હિંદુસ્તાની, પણ આપણા દ્વારા જ હિંદુસ્તાન તૂટી રહ્યો છે. અંગ્રેજો પહેલા ભારતમાં એક હજાર વર્ષ મોગલ રાજ રહેલું. અને હવે જો અન્ય પ્રજાતિનું રાજ હિંદુસ્તાન ઉપર આવશે તો બીજા હજારો વર્ષ સુધી રહેશે. આપણી પેઢીઓની પેઢીઓ ખતમ થઈ જશે. ધર્મ અને સંસ્કૃતિનો ક્યાંય પતો નહીં લાગે, કેમ કે આજેપણ વિશેષ જાતિના કેટલાંક આગેવાનો, નેતાઓ વિશેષ જાતિના અનેક સજ્જન, વિદ્વાનોને પણ ભડકાવી રહ્યા છે, તેમની માનસિકતા બદલી રહ્યા છે. અને આપણે સૌ અલગ અલગ જાતિમાં વહેંચાઈને પોતપોતાની તિજોરીઓ ભરી રહ્યા છીએ. પણ આપણે એ નથી જાણતા કે જ્યારે મોગલ રાજાઓએ હિંદુસ્તાન ઉપર કબજો કર્યા પછી મોટી મોટી હવેલીઓ, કોઠીઓ અને નાના નાના રજવાડાઓને પહેલા લૂટ્યાં હતા. ધનિક વેપારીઓને લૂટ્યાં હતા. તો આજે દેશને વેચવા નીકળેલા નેતાઓ, આગેવાનોના પ્રભાવમાં આવીને આપણે નાના નાના સ્વાર્થ માટે તેમને સપોર્ટ કરીએ છીએ તે એક દિવસ આપણા સંતાનોને જ ભોગવવાનું આવશે. અને આપણી ગમે તેટલી સંપતિ હશે. બધી જવાની જ છે. જો આપણામાં રાષ્ટ્રપ્રેમ નથી જાગ્યો તો. આપણે કોઈ વ્યક્તિ કે પક્ષની તરફેણ નથી કરવી પણ જે દેશનું કામ કરે છે, રાષ્ટ્રહિતની વાત કરે છે એને તો સપોર્ટ હોવો જ જોઈએ. વ્યક્તિગત નુકશાન થાય છે તો થવા દેવાનું પણ રાષ્ટ્રને કોઈપણ પ્રકારનું નુકશાન ના થવું જોઈએ. બંગાળની ચૂંટણીઓએ ભલભલાની ઉંઘ ઉડાડી દીધી છે. ત્યા ભલે બીજેપીની સરકાર ના બની અને મમતાની ત્રીજી વાર જીત થઈ. પણ ગયા વખતની ચૂંટણીમાં માત્ર ત્રણ સીટ લાવનાર બીજેપી આ વખતે ૭૬ સીટ લાવીને કેટલા ટકા લોકોના હદયમાં રાષ્ટ્રજાગૃતિ લાવી શક્યા છે તેની નોંધ લેવા જેવી છે. આવું જ દક્ષિણ ભારતમાં પણ થઈ રહ્યું છે. આજે પણ આપણો દેશ પ્રાંતવાદ, ભાષાવાદ, ધર્મવાદ અને જાતિવાદમાં વિખરાયેલો છે. સૌ પોતાનું અલગ સામ્રાજ્ય ઈચ્છે છે. સૌ પોતાની રાજનીતિમાં, પોતાની સત્તામાં પોતાના સંતાનોને લાવવા ઈચ્છે છે. અને એ માટે સમાજના ભાગલા કરવા પડે તો કરે છે, હિંદુ મુસ્લિમનું ઝેર લોકોના માનસમાં ભરે છે, તો વળી દલિતો, પટેલો, બ્રાહ્મણો, ક્ષત્રિયો જેવી જાતિઓના સંગઠનો બનાવી સૌને જરૂર પડ્યે લડાવે છે. જો હિંદુસ્તાનીઓ ( હિંદુ – મુસ્લિમ બન્ને ) અત્યારથી નહીં સમજે, જાગૃત નહીં થાય તો આના પરિણામો આવતા વર્ષોમાં આપણી પેઢીઓને ભોગવવા પડશે. ધર્મ જાતિ અને ભાષાવાદને બાજુએ મૂકીને રાષ્ટ્રવાદને સમજી સૌ હિંદુસ્તાનીઓએ એક થવાની જરૂર છે. અત્યારે જ સમય છે એક થવાનો. જો આ સમય વિતી ગયો તો આવનારા વિનાશને કોઈ અટકાવી નહીં શકે. હિંદુસ્તાનને સાચા અર્થમાં હિંદુસ્તાન બનાવી શકાય એવો આ ગોલ્ડન સમય છે. અહીં કોઈ જાતિ, સમાજ કે વિશેષ જાતિ.. કશું જ નહીં માત્ર સૌ કોઈ મનુષ્યો છે, એકસમાન છે. હિંદુસ્તાની છે. આવી ભાવના સૌના હદયમાં આવશે તો ભારત ફરીથી વિશ્વ આખાનું નેતૃત્વ કરશે.

9426060601.india@gmail.com

# અપ્રગ્રેડ કરીએ, પણ કોને?



**રંગ અને વ્યંગ**

અનંત પટેલ

- લોકો મોબાઈલને ટપ દઈને અપગ્રેડ કરવાનું બટન દબાવી દે છે પણ પોતાની જાતને કદીય અપગ્રેડ કદી ય ના કરે...એ કેવું ?
- બેનો માથામાં વેણી નાંખે, ગજરો ખોસે ને તેમની આજુ બાજુનું વાતાવરણ મહેંકતું રાખે પણ જીવનને ના મહેંકાવે ... એ કેવું ??
- ક્રિકેટમાં એવું કહેવાય છે કે જે કેચ ગુમાવે તે મેચ ગુમાવે, આ રીતે જોઈએ તો લોકો જીવનમાં આવતી ઉત્તમ, અઘરી કે સાવ સહેલી એવી તકો કેમ ઝીલી લેતા નહિ હોય ??
- લોકો ગુરુવારે સાંઈબાબા, શનિવારે હનુમાનદાદા, અને રવિવારે કોઈ માતાજીનાં દર્શન અચૂક કરવાં તેવા નિયમ લે છે પણ પોતાના અંતરાત્માનું દર્શન/ચિંતન કરવાનું કેમ વિચારતા નહિ હોય ???
- ગ્રાહક ફાટેલી કે બીજે ન ચાલે એવી નોટ ભીડ ભાડ વાળી દુકાનમાં આસાનીથી ખપાવી શકતા હોય છે...બિચારા વેપારીને ઘરાકની ધમાલ હોય ને એમાં એ ક્યાં બધા ગ્રાહકોની નોટો ચેક કરવા બેસે બોલો ? ખોટો રૂપિયો બજારમાં ચલાવવા જઈએ તો કોઈવાર ચાલી પણ જાય.....પણ ક્યારેક એ સ્વરૂપ બદલીને પાછો ય આવી શકે છે, ઘણા લોકો ય આવા ખોટા રૂપિયા જેવા જ હોય છે પણ પોતાને સતત હાચો રૂપિયો જ કહેવડાવે છે..!
- પ્રેમની બાબતમાં સ્ત્રીઓ માટે એવું કહેવાય છે કે જો હંસી તો ફંસી, પણ દરેક વખતે આવું નથી હોતું. આ માટે તમે લવ મેરેજ કર્યુ હોય એવા પતિદેવને જરા પૂછી જોજો ને ...એમની સામે જોઈને જે હંસેલી એ ફસી છે કે એ ભાઈ સાહેબ ફસાયા છે ???
- નેતાઓ માટે હંમેશા કહેવાતું આવે છે કે એમનાં વચન અને આચરણમાં ઘણું અંતર હોય છે...આ જાણવા છતાં કેમ કોઈ વ્યક્તિ વચન અને આચરણ એકસમાન હોય એવો નેતા નથી બનતો ???
- 'રામ નામ જપના પરાયા માલ અપના' વાળી વૃત્તિ પરાયા માલને બદલે પરાયા જ્ઞાન માટે કેમ નથી વપરાતી ??
- 'મુખમેં રામ ઔર બગલમેં છૂરી' આ કહેવતને સાચી પાડનારાને બદલે ખોટી પાડનારાની સંખ્યા કેમ વધતી નથી ??
- લગ્ન સીમંત કે અન્ય કોઈ શુભ પ્રસંગે ચાંલ્લો લખાવતી વખતે દરેક માણસ રીટર્ન ચાંલ્લાને શું કામ ધ્યાનમાં રાખે છે ??
- ડાહી સાસરે ન જાય અને ગાંડીને શિખામણ આપે એ કહેવત વાળી ડાહી સ્ત્રીઓ ખુદમાં રહેલી ગાંડીને કેમ શિખામણ નથી આપતી ??
- 'છાશ લેવા જવું ને દોણી સંતાડવી ' એ વાજબી નથી તે છતાં લોકો કામ સિવાય કોઈના ઘરે ગયા ના હોય તે છતાં એવું કેમ કહે કે આ બાજુ નીકળેલો તે થયું કે તમને મળતો જાઉં.
- કદીય ફોન ન કરનારા સંબંધી અચાનક ફોન કરે ને આપણે રાજી થઈને કહીએ કે 'ભાઈ હું તો તમને યાદ કરી શકતો નથી પણ તમે મને યાદ કર્યો તે ઘણો જ આનંદ થયો હોં...' ને પછી તરત એ ફોન કરનારા હળવે રહીને ફોન કરવાનું સાચું કારણ કહે ત્યારે ખબર પડે એમણે આપણને ખબર અંતર પૂછવા યાદ નથી કર્યા પરંતુ ... અમને થાય કે લોકો આવું શું કામ કરતા હશે ??
- પતિ-પત્નીએ લગ્નમાં માંહ્યરામાં પરસ્પરને કંસાર જમાડ્યો એ જમાડ્યો...પછી જાહેરમાં તો નહિ પણ ઘરના ખૂણે ય એ એક બીજાને પોતાના હાથે જમાડતાં નથી....!!!!!! (માંદગી સિવાય )
- 'વાડ વિના વેલો ના ચડે' આ કહેવત વાડ કાપનારા દરેકને કેમ યાદ આવતી નથી ?
- 'સંપ ત્યાં જંપ ' એવું બ્રહ્મ સત્ય હોવા છતાં બધા દીકરા વહુઓ મા બાપથી કેમ અલગ થઈ જવાનું વિચારે છે ? (નોકરી કે ધંધા અર્થે બહાર જાય તે સિવાયની વાત છે )
- આવા તો ઘણા દાખલા તમને ય સૂઝતા હશે ...તો એવા આઈડીયા/દાખલા અમને શેર કરવા વિનંતી છે.

મો- ૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com